# નવસારી કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીએ સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ

### આરોગ્ય સેવાઓ તથા નવા બિલ્ડિંગના બાંધકામની કામગીરીની સમીક્ષા કરી



કમલમ્,નવસારી

નવસારી જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીએ નવસારી એમ.જી.જી. (સિવિલ) હોસ્પિટલની મુલાકાત લઈ હોસ્પિટલના વિવિધ વિભાગોનું નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત દરમિયાન તેમણે સંબંધિત અધિકારીઓ પાસેથી આરોગ્ય સેવાઓ, દર્દીઓ માટે ઉપલબ્ધ સુવિધાઓ તેમજ હોસ્પિટલની દૈનિક કામગીરીઓ અંગે માહિતી મેળવી હતી. કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીએ સિવિલ કેમ્પસમાં ઓ.પી.ડી., દિનદયાલ ઔષધી સેન્ટર, સખી વન સ્ટોપ સેન્ટર, ઈમરજન્સી વોર્ડ સહિત અન્ય વોર્ડની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેમણે દર્દીઓને ગુણવત્તાસભર અને સમયસર આરોગ્ય સેવાઓ મળી રહે તેમજ કોઈપણ પ્રકારની અસુવિધા ન સર્જાય તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ, કલેક્ટરશ્રીએ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં નિર્માણાધીન નવા મેડીકલ કોલેજ/હોસ્પિટલ બિલ્ડીંગ બાંધકામની કામગીરીના પ્રગતિની સમીક્ષા કરી હતી. તેમણે બાંધકામની કામગીરી ગુણવત્તાપૂર્વક અને નિર્ધારિત સમયમર્યાદામાં ઝડપથી પૂર્ણ થાય તે માટે સંબંધિત અધિકારીઓ અને એજન્સીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. આ મુલાકાત દરમિયાન નવસારી પ્રાંત અધિકારીશ્રી જનમ ઠાકોર, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી રંગૂનવાલા તેમજ સિવિલ હોસ્પિટલના અન્ય અધિકારીઓ અને તબીબો હાજર રહ્યા હતા.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 'વિશ્વ પ્રિક્લેમ્પસિયા દિવસ'ની અનોખી ઉજવણી

### સગર્ભા મહિલાને હાઈ બ્લડપ્રેશરના જોખમો સામે જાગૃત કરાયા



કમલમ્,


મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના 'સુરક્ષિત માતૃત્વ'ના સંકલ્પને વેગ આપવા માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ૨૨ મેના રોજ 'વિશ્વ પ્રિક્લેમ્પસિયા દિવસ' નિમિત્તે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. હોસ્પિટલના રેડિયોલોજી વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગર્ભાવસ્થા દરમિયાન મહિલાઓમાં થતા હાયપરટેન્શન-હાઈ બ્લડપ્રેશર અને તેના જોખમો વિશે સગર્ભા મહિલાઓને જાગૃત કરાયા હતાં.

પ્રિક્લેમ્પસિયા શું છે અને તે કેમ જોખમી છે?

સિવિલ હોસ્પિટલના તબીબી અધીક્ષક ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું કે, માતા અને બાળકના સ્વાસ્થ્યની સુરક્ષા અને બાળ મૃત્યુદર ઘટાડવા માટે સિવિલ હોસ્પિટલ પ્રશાસન સંપૂર્ણપણે કટિબદ્ધ છે.પ્રિક્લેમ્પસિયા એ ગર્ભાવસ્થા દરમિયાન થતી એક ગંભીર સમસ્યા છે, જે ગર્ભાવસ્થા દરમિયાન ૨૦ અઠવાડિયા પછી વિકસે છે. તેમાં બ્લડ પ્રેશર ખૂબ જ વધી જાય છે અને પેશાબમાં પ્રોટીન જવું, લીવર કે કિડનીને નુકસાન થવું જેવા લક્ષણો જોવા મળે છે. પ્રિક્લેમ્પસિયા એ વિશ્વભરમાં માતા અને ગર્ભમાં રહેલા બાળકના મૃત્યુનું મુખ્ય કારણ છે. આધુનિક પ્રિક્લેમ્પસિયા સંશોધનના પ્રણેતા ડૉ. લિયોન સી. ચેસ્લીના જન્મદિવસની યાદમાં દર વર્ષે ૨૨ મેના રોજ આ દિવસ ઉજવવામાં આવે છે. સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડની હોસ્પિટલના સ્ત્રી અને પ્રસૂતિ રોગ (GYNEC) વિભાગમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગર્ભવતી મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.ડૉ. રાકેશ જોશીએ આશા વ્યક્ત કરી હતી કે, રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના સહયોગથી યોજાતા આવા જાગૃતિ કાર્યક્રમો ભવિષ્યમાં માતા અને બાળકના સ્વાસ્થ્યમાં સુધારો લાવવા તેમજ બાળ મૃત્યુદર ઘટાડવામાં ખૂબ જ અસરકારક સાબિત થશે. આ ઉપરાંત ગર્ભાવસ્થા દરમિયાન હાયપરટેન્શનના લક્ષણો જેવાં કે, સતત અથવા ગંભીર માથાનો દુખાવો થવો, દ્રષ્ટિમાં ફેરફાર થવો કે ઝાંખું દેખાવું, ચહેરા અને હાથ પર અચાનક સોજો આવવો અથવા પેટના ઉપરના ભાગમાં દુખાવો થવો; આમાંથી કોઈ પણ લક્ષણ જણાય તો સગર્ભા માતાઓએ તુરંત ડૉક્ટરનો સંપર્ક કરવો જોઈએ, તેમ ડૉ. રાકેશ જોશીએ વધુમાં ઉમેર્યું હતું." રેડિયોલોજી વિભાગના ડૉ. નિશા ભોજવાનીએ જણાવ્યું કે, ગર્ભવતી માતાઓ આ ગંભીર બીમારીને સરળતાથી સમજી શકે તે માટે ખાસ ચિત્રો અને ફ્લેશ કાર્ડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સામાન્યરીતે ગર્ભાવસ્થાના ૨૦ અઠવાડિયા એટલે કે ૫ મહિના પછી આ સમસ્યા જોવા મળે છે. તેના બે મુખ્ય લક્ષણો છે. હાઈ બ્લડપ્રેશર અને યુરિનમાં પ્રોટીનનું વધુ પ્રમાણ એટલે કે હાઈ પ્રોટીન્યુરિયા. આવા સમયે જો શરીરમાં અચાનક સોજા આવે, સતત માથાનો દુખાવો થાય કે આંખે ઝાંખપ આવે તો તરત જ ડૉક્ટરનો સંપર્ક કરવો જોઈએ તેમ ડૉ. નિશા ભોજવાનીએ વધુમાં ઉમેર્યું હતું. કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત સગર્ભા મહિલાઓએ પોતાની તબિયત અને મૂંઝવણો અંગે નિષ્ણાત ડૉક્ટરો સાથે સીધી વાતચીત કરી હતી અને પોતાના પ્રશ્નોના સંતોષકારક જવાબો મેળવી ખૂબ જ રાજીપો વ્યક્ત કર્યો હતો. સિવિલ હોસ્પિટલની આ અનોખી પહેલને સગર્ભા મહિલાઓ અને તેમના પરિવારો તરફથી બહોળો પ્રતિસાદ મળ્યો હતો.

# ગાંધીનગરમાં યોજાયેલા વિશેષ ભરતી મેળામાં ૯૪ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી: રોજગારવાંચ્છુઓનો ઉત્સાહપૂર્વક પ્રતિસાદ

### ૧૦૦ જગ્યાઓ માટે યોજાયેલા ભરતી મેળામાં ૧૪૦થી વધુ યુવાનોએ ભાગ લીધો



કમલમ્,ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના રોજગારવાંચ્છુ યુવાનોને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ્ય સાથે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા આજે એક વિશેષ રોજગાર ભરતી મેળાનું સફળ આયોજન કરવામાં આવ્યુ હતુ. સેક્ટર-૬, એચ.પી. પેટ્રોલ પંપ નજીક આવેલા યોગી એડ્યુટ્રાન્સિટ પ્રા.લિ.ના પરિસરમાં યોજાયેલા આ વિશેષ ભરતી અભિયાનમાં સ્થાનિક યુવાનોએ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ વિશેષ ભરતી મેળામાં યોગી એડ્યુટ્રાન્સિટ પ્રા. લિ. કંપનીની કુલ ૧૦૦ જેટલી ખાલી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ગાંધીનગર જિલ્લાના ૧૪૦ જેટલા લાયકાત ધરાવતા રોજગારવાંચ્છુ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. કંપનીના પ્રતિનિધિઓ દ્વારા યોગ્ય માપદંડોના આધારે ઉમેદવારોના રૂબરૂ ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા, જેમાંથી આખરી તબક્કાના અંતે કુલ ૯૪ ઉત્સાહી ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી છે. આ મેળાના માધ્યમથી જિલ્લાના અનેક યુવાનોને ઘરઆંગણે જ રોજગારીની ઉત્તમ અને સોનેરી તક પ્રાપ્ત થઈ છે. કાર્યક્રમને સફળ બનાવવા બદલ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા સહભાગી થયેલા તમામ રોજગારવાંચ્છુ ઉમેદવારો અને યોગી એડ્યુટ્રાન્સિટ પ્રા. લિ.ની ટીમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# સાણંદના ઝાંપ ગામમાં પ્રાકૃતિક કિચન ગાર્ડન અને બાગાયતી પાકો અંગે વિશેષ તાલીમ શિબિર યોજાઈ

### રાસાયણિક મુક્ત ખેતી અને ઘરઆંગણે શાકભાજી ઉછેર દ્વારા ગામોને આત્મનિર્ભર બનાવવાનો નવતર પ્રયાસ



કમલમ્,

સાણંદ તાલુકાના ઝાંપ ગામમાં પ્રાકૃતિક કિચન ગાર્ડન અને બાગાયતી પાકો વિષય પર એક વિશેષ તાલીમ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. દિલ્હીની આયોરા ટ્રસ્ટ અને એસ.એમ.એસ. ગ્રુપ દ્વારા સંયુક્ત રીતે આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારના પરિવારોને પ્રાકૃતિક ખેતી અને ઘરઆંગણે શાકભાજીના ઉછેર તરફ વાળવાનો હતો. કાર્યક્રમની શરૂઆતમાં આયોરા ટ્રસ્ટના મેનેજર શ્રી અંબુજ શુક્લએ સંસ્થાની વિવિધ લોકકલ્યાણકારી પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો. તેમણે ગામોને આત્મનિર્ભર બનાવવા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, પરંપરાગત ખેતીની સાથે-સાથે બાગાયતી ખેતી અને એગ્રો ફોરેસ્ટ્રી અપનાવવી આજના સમયની માગ છે. ખેડૂતો પોતાના ખેતરના શેઢા-પાળાનો યોગ્ય ઉપયોગ કરીને ત્યાં કિંમતી બાગાયતી વૃક્ષો, પશુપાલન માટે ઘાસચારો પૂરો પાડતા વૃક્ષો તેમજ ઈમારતી લાકડા આપતા વૃક્ષોનું વાવેતર કરે તે અંગે તેમણે વિસ્તૃત તકનીકી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ તાલીમ શિબિરમાં ઉપસ્થિત તાલીમ કોઓર્ડિનેટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ ગ્રામજનોને ઘરઆંગણે જ પ્રાકૃતિક પદ્ધતિથી કિચન ગાર્ડન તૈયાર કરવાની સરળ રીતો સમજાવી હતી. તેમણે આગામી ચોમાસાની ઋતુમાં થતા વિવિધ શાકભાજીના બીજની રોપણી કેવી રીતે કરવી, છોડનો વૈજ્ઞાનિક ઢબે ઉછેર કઈ રીતે કરવો અને બે બીજ વચ્ચે કેટલું અંતર રાખવું તે બાબતો ખૂબ જ ઝીણવટપૂર્વક સમજાવી હતી. આ સાથે શ્રી કાશીરામભાઈએ બજારમાં મળતા રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ વાળા શાકભાજીથી સ્વાસ્થ્યને થતા ગંભીર નુકસાન સામે ચેતવીને, ઘરઆંગણે ઉગાડવામાં આવતા શુદ્ધ અને પ્રાકૃતિક શાકભાજીના અગણિત ફાયદાઓ વિશે ગ્રામજનોને જાગૃત કર્યા હતા. આ પ્રેરણાદાયી તાલીમ કાર્યક્રમમાં આયોરા ટ્રસ્ટના ડેટા એનાલિસ્ટ શ્રી ધર્મેન્દ્ર યાદવ, તાલીમ કોઓર્ડિનેટર શ્રી પિન્ટુભાઈ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે તા. ૨૯ મેથી ૨ જૂન દરમિયાન ચોથી રાષ્ટ્રીય આર્મ રેસલિંગ અને પેરા આર્મ રેસલિંગ ચેમ્પિયનશિપ યોજાશે



### દેશનાં ૨૫ જેટલાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના બે હજાર જેટલા ખેલાડીઓ સામેલ થવાની અપેક્ષા

**વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સ અને ૨૦૩૬ ઓલિમ્પિકના વિઝનને પૂરક બનવા RRU સજ્જ**

કમલમ્,

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU), ગાંધીનગર ખાતે આગામી તા. ૨૯ મેથી ૨ જૂન, ૨૦૨૬ દરમિયાન 'ચોથી રાષ્ટ્રીય આર્મ રેસલિંગ અને પેરા આર્મ રેસલિંગ ચેમ્પિયનશિપ' યોજાનાર છે. આ અંગે આયોજિત પત્રકાર પરિષદમાં RRUના ઉપકુલપતિ ડૉ. કલ્પેશ વાંડ્રાએ વિગતો આપતાં જણાવ્યું કે આ સ્પર્ધામાં દેશનાં ૨૫ જેટલાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આશરે બે હજાર જેટલા ખેલાડીઓ સામેલ થાય તેવો અંદાજ છે. તેમણે કહ્યું કે આર્મ રેસલિંગ ફેડરેશન ઑફ ગુજરાત અને પીપલ્સ આર્મ રેસલિંગ ફેડરેશન ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે આ ચેમ્પિયનશિપ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સબ-જુનિયર, જુનિયર, યુવા, સિનિયર અને માસ્ટર્સ એમ વિવિધ કેટેગરીમાં મહિલા તેમજ પુરુષ સ્પર્ધકો ભાગ લેશે. આ સીમાચિહ્નરૂપ સ્પર્ધાનો ઉદ્ઘાટન સમારોહ તા. ૩૦ મે, ૨૦૨૬ના રોજ યોજાશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ-૨૦૨૯માં અમદાવાદ-ગુજરાતમાં યોજાનારી 'વર્લ્ડ પોલીસ અને ફાયર ગેમ્સ'ની વિવિધ ૮ જેટલી રમતો RRU ખાતે યોજાવાની છે, જે માટેનું જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ તૈયાર કરી લેવામાં આવ્યું છે.

યુનિવર્સિટીની આ સક્રિય ભૂમિકાને ધ્યાનમાં રાખીને તથા રાષ્ટ્રીય અને વૈશ્વિક રમતગમત ઈકોસિસ્ટમમાં ગુજરાતના વધતા યોગદાનને વેગ આપવાના હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરાયું છે. આ આયોજન પાછળ ૨૦૩૬ની ઓલિમ્પિક રમતોના યજમાનપદ માટે અમદાવાદ-ગુજરાતની મજબૂત દાવેદારી માટેનું વિઝન પણ જોડાયેલું છે. ભારતની રમતગમત સંસ્કૃતિને મજબૂત બનાવવાના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનને અનુસરીને ઈઈ દ્વારા પ્રથમ વખત આ પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પત્રકાર પરિષદમાં પીપલ્સ આર્મ રેસલિંગ ફેડરેશન ઈન્ડિયા (PAFI)નાં અધ્યક્ષા પ્રીતિ ઝાંગિયાની અને 'પ્રો પંજા લીગ'ના માલિક પ્રવીણ દબાસ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. આ ઉપરાંત, યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ધર્મેશ પ્રજાપતિ, યશ શર્મા, આર્મ રેસલિંગ એસોસિએશન ઑફ ગુજરાત (ASAG)ના મંત્રી રાજેન્દ્ર પરમાર અને મયંક પટેલ સહિત વિવિધ સ્ટેક હોલ્ડર્સ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જિલ્લાના નવનિયુક્ત કલેક્ટર શ્રી યોગેશ ચૌધરીએ પદભાર સંભાળ્યો

### કેન્દ્ર - રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓનું પારદર્શક અને સુદ્રઢ રીતે અમલીકરણ પ્રાથમિકતા રહેશે : કલેક્ટરશ્રી



કમલમ્,જૂનાગઢ

જૂનાગઢ જિલ્લાના નવ નિયુક્ત કલેક્ટર શ્રી યોગેશ ચૌધરીએ આજે પોતાનો વિધિવત રીતે પદભાર સંભાળ્યો છે. તેમણે જણાવ્યું કે, કેન્દ્ર રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓનું પારદર્શક અને સુદ્રઢ રીતે અમલીકરણ ઉપરાંત વહીવટી તંત્ર દ્વારા લોકોને મળવાપાત્ર સુવિધા અને લાભો મળી રહે તે પ્રાથમિકતા રહેશે. તેમણે ઉમેર્યું કે, જૂનાગઢ ધાર્મિક નગરી તરીકે અને સમગ્ર જિલ્લો પ્રવાસનની દ્રષ્ટિએ આગવી ઓળખ ધરાવે છે, કુદરતી સંપદાઓથી સમૃદ્ધ આ જિલ્લામાં ગિરનાર, સાસણ વગેરે નૈસર્ગિક સ્થળો આવેલા છે. ઉપરાંત દરિયાઈ સરહદ પણ આ જિલ્લો ધરાવે છે. ત્યારે પ્રવાસન વિકાસને વેગ મળે તે માટેના પ્રયાસો હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ-૨૦૧૬ની આઈ.એ.એસ અધિકારી શ્રી યોગેશ ચૌધરી નવરચિત વાપી મહાનગરપાલિકાના કમિશનર, સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના સી.ઈ.ઓ., ભરૂચ જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી અને પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના મેનેજિંગ ડાયરેક્ટરના પદ ઉપર કુશળ વહીવટી સેવાઓ આપી ચૂક્યા છે. તેમણે એમ.બી.એ. અને બી.ટેક. ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશનનો અભ્યાસ કર્યો છે.

# વસ્તી ગણતરીના નામે થતી છેતરપીંડીથી સાવધાન: ગુજરાત પોલીસની જાહેર જનતાને અપીલ

### અજાણ્યા નંબર પર આવેલી કોઈ પણ લિંક પર ક્લિક કરવાથી ડિજિટલ ફ્રોડનું જોખમ



કમલમ્,આહવા

આજના ડિજિટલ યુગમાં સાયબર ગુનેગારો અવનવી ટેકનીક દ્વારા લોકોને છેતરી રહ્યા છે. ત્યારે તાજેતરમાં ગુજરાત સહિત દેશના મોટાં ભાગના રાજ્યોમાં ડિજીટલ વસ્તી ગણતરીની શરૂઆત થતાં હવે ડિજીટલ ફ્રોડનું એક નવું રૂપ જોવા મળ્યું છે. વસ્તી ગણતરી(સેન્સસ)ના બહાને નાગરિકોને શિકાર બનાવવાનું એક મોટું સાયબર કૌભાંડ સામે આવ્યું છે. સાયબર માફિયાઓ દ્વારા આચરવામાં આવતી આ છેતરપિંડીથી રાજ્યના નાગરિકો સુરક્ષિત રહે તે હેતુથી ગુજરાત પોલીસ દ્વારા એક મહત્વની એડવાઈઝરી જાહેર કરીને લોકોને સાવચેત રહેવા તાકીદ કરવામાં આવી છે. કપટી તત્વોથી સાવધાન રહેવા અને સહેજ પણ બેદરકારી ન દાખવવા પોલીસ તંત્ર દ્વારા ખાસ અનુરોધ કરાયો છે.

વસ્તી ગણતરીનાં નામે છેતરપિંડીની નવી તરકીબોઃ

- વસ્તી ગણતરીની પ્રક્રિયાનાં ભાગરૂપે અજાણ્યા નંબરો પરથી નાગરિકોને અંગત વિગતો અપડેટ કરવા આવતા ફોન, મેસેજ કે વોટ્સએપ
- નકલી લિંક કે અજાણી એપ્લિકેશન (APK ફાઈલ) ડાઉનલોડ કરવા માટે થતો આગ્રહ

આ બાબતે ગુજરાત પોલીસે પોલીસે ચેતવણી આપતા સ્પષ્ટ કર્યું છે કે, જો કોઈ નાગરિક આવી નકલી લિંક ઓપન કરે છે કે અજાણી એપીકે(APK) ફાઈલ પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરે છે, તો તેનાથી તેમનો આખો ફોન હેક થઈ શકે છે. ફોન હેક થતાં જ સાયબર ગુનેગારો બેંકિંગ વિગતો ચોરીને ગણતરીની મિનિટોમાં જ નાગરિકોનું આખું બેંક ખાતું સાફ કરી શકે છે અને મોટું આર્થિક નુકસાન પહોંચાડી શકે છે. કેન્દ્ર કે રાજ્ય સરકાર ક્યારેય પણ વસ્તી ગણતરીના કામકાજ માટે ફોન પર કોઈ ઓટીપી(OTP), બેંક ખાતાની વિગતો કે આધાર કાર્ડની ગુપ્ત માહિતી માંગતી નથી તેની નાગરિકોને ખાસ નોંધ લેવા અને સજાગ રહેવા ગુજરાત પોલીસ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે. 'જાગૃત બનો, સુરક્ષિત રહો'ના સૂત્ર સાથે પોલીસે તમામ નાગરિકોને આ સાયબર ફ્રોડથી બચવા અને અન્યોને પણ જાગૃત કરવા આહવાન કર્યું છે.

# કાર્યસ્થળ પર અન્યાય સામે મહિલાઓનું ડિજિટલ હથિયાર એટલે 'SHe-Box' પોર્ટલ

### મહિલાઓ કાર્યસ્થળે જાતીય સતામણી સામે ઓનલાઇન ફરિયાદ કરી ન્યાય મેળવી શકશે

### SHe-Box પોર્ટલમાં ખાનગીથી લઈને સરકારી કંપનીઓ સુધી, દરેક વર્કિંગ વુમન માટે સુરક્ષાની ગેરંટી




કમલમ્,

આજે ભારતીય નારી આકાશ આંબી રહી છે. કોર્પોરેટ ઓફિસ હોય, સરકારી વિભાગો હોય કે સ્ટાર્ટ-અપ્સ, દરેક જગ્યાએ મહિલાઓ પોતાની ક્ષમતા સાબિત કરી રહી છે. પરંતુ આ પ્રગતિ પાછળ એક એવો અંધકાર પણ છુપાયેલો હોઈ શકે છે, જેના વિશે વાત કરતા આજે પણ ઘણી મહિલાઓ ખચકાય છે. કાર્યસ્થળ પર થતી જાતીય સતામણી એક એવી કડવી વાસ્તવિકતા છે જે મહિલાઓની પ્રગતિને રૂંધે છે. ઘણીવાર નોકરી ગુમાવવાનો ડર, સામાજિક બદનામી કે સંસ્થામાં કોઈ યોગ્ય સુનાવણી ન થવાને કારણે મહિલાઓ ચૂપચાપ અન્યાય સહન કરી લે છે અથવા તો કંટાળીને નોકરી છોડી દે છે. પરંતુ હવે સમય બદલાયો છે, કારણ કે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે દેશની દરેક 'વર્કિંગ વુમન'ને એક એવું ડિજિટલ હથિયાર આપ્યું છે જે બંધ બારણે થતા અન્યાયનો પર્દાફાશ કરી શકે છે, જેનું નામ છે SHe-Box એટલે કે 'Sexual Harrasment electronic Box'. આ સત્તાવાર ઓનલાઈન પોર્ટલ કોઈ સામાન્ય ડિજિટલ ફરિયાદ પેટી નથી, પરંતુ દેશના ઐતિહાસિક POSH Act, 2013 (વર્કપ્લેસ પર મહિલાઓની જાતીય સતામણી નિવારણ કાયદો)ને જમીની સ્તરે મજબૂતીથી અમલમાં લાવવાનું એક સશક્ત માધ્યમ છે. આ પોર્ટલનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક કાર્યરત મહિલાને સુરક્ષિત, ગરિમાપૂર્ણ અને સન્માનજનક વાતાવરણ પૂરું પાડવાનો છે. આ વ્યવસ્થાની સૌથી મોટી વિશેષતા એ છે કે પોર્ટલ પર ફરિયાદ કરનાર મહિલાની ઓળખ અને માહિતીને સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવે છે, જેથી તે કોઈપણ ભય કે સંકોચ વગર ન્યાય માટે અવાજ ઉઠાવી શકે છે. મોટાભાગના લોકો એવું માને છે કે આવા સરકારી પોર્ટલ માત્ર સરકારી કર્મચારીઓ માટે જ હોય છે, પણ કાયદા મુજબ આ પોર્ટલની સીમા અત્યંત વ્યાપક છે. દેશની કોઈપણ સરકારી, અર્ધ-સરકારી કે સંપૂર્ણપણે ખાનગી કંપનીમાં કામ કરતી મહિલા આનો લાભ લઈ શકે છે. તેમાં પણ હોદ્દા કે કામના પ્રકારનો કોઈ ભેદભાવ નથી, પછી ભલે તે મહિલા કાયમી કર્મચારી હોય, કોન્ટ્રાક્ટ પર હોય, હંગામી સ્ટાફ હોય, ટ્રેઈની, ઈન્ટર્ન કે ઘરકામ કરતી મહિલા હોય, તે ન્યાય મેળવી શકે છે. એટલું જ નહીં, જો કોઈ મહિલા ઓફિસમાં માત્ર ઈન્ટરવ્યુ કે બિઝનેસ મુલાકાત માટે ગઈ હોય અને ત્યાં તેની સાથે કોઈ અયોગ્ય વર્તન થાય, તો તે મુલાકાતી મહિલા પણ આ પોર્ટલ પર કાયદેસરની ફરિયાદ કરવા હક્કદાર બને છે. ડિજિટલ ન્યાયની આ પ્રક્રિયાને અત્યંત સરળ અને પારદર્શક બનાવવામાં આવી છે. પીડિત મહિલાએ માત્ર મંત્રાલયના સત્તાવાર પોર્ટલ પર જઈને પોતાની અને સંબંધિત સંસ્થાની જરૂરી વિગતો ઓનલાઈન ફોર્મમાં ભરવાની રહે છે. બનેલી ઘટનાની વિગતવાર માહિતી આપવાની સાથે જો કોઈ ચેટ, ઈમેઈલ કે ઓડિયો-વિડિયો જેવા પુરાવા હોય તો તે દસ્તાવેજો પણ ત્યાં જ અપલોડ કરી શકાય છે. ફરિયાદ સબમિટ થતાં જ સેન્ટ્રલાઈઝ્ડ સિસ્ટમ દ્વારા તેને સંબંધિત કંપનીની ઈન્ટરનલ કમિટી અથવા જિલ્લા સ્તરની લોકલ કમિટી પાસે કાનૂની કાર્યવાહી માટે ઓટોમેટિક મોકલી આપવામાં આવે છે. આ પોર્ટલ માત્ર ફરિયાદ સ્વીકારીને અટકી જતું નથી, પરંતુ સમયમર્યાદા સાથે તેનું કડક ફોલોઅપ પણ લે છે. કાયદા અનુસાર, ફરિયાદ મળ્યાના માત્ર નેવું દિવસની અંદર જ સમગ્ર મામલાની તપાસ પૂર્ણ કરી અહેવાલ સોંપવો અનિવાર્ય છે. પીડિત મહિલા પોતાના યુઝર આઈડીથી ઓનલાઈન ચેક કરી શકે છે કે તેની ફરિયાદ પર અત્યાર સુધી શું એક્શન લેવાયા છે, અને મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ પણ ડિજિટલ ડેશબોર્ડ દ્વારા આ પ્રક્રિયાનું સીધું મોનીટરીંગ કરે છે, જેથી કોઈ સંસ્થા તપાસમાં વિલંબ ન કરી શકે. આ નવો નિયમ દેશની તમામ નાની-મોટી કંપનીઓ અને સંસ્થાઓ માટે એક મોટી લાલબત્તી સમાન છે. કાયદા અનુસાર, જે પણ સંસ્થામાં દસ અથવા તેથી વધુ કર્મચારીઓ કામ કરતા હોય, તેમણે ફરજિયાતપણે પોતાની આંતરિક સમિતિ એટલે કે ઈન્ટરનલ કમિટીની રચના ફરજિયાત કરવી અને હવે આ સમિતિની વિગતોને SHe-Box પોર્ટલ પર અપડેટ કરવી પણ અનિવાર્ય છે. નિયમોનું પાલન ન કરનારી કે બેદરકારી દાખવનારી કંપનીઓ સામે સરકાર દ્વારા કડક કાનૂની કાર્યવાહી અને ભારે દંડની જોગવાઈ કરવામાં આવી છે. તેથી, જો તમારી સાથે અથવા તમારી આસપાસ કોઈ મહિલા સાથે કાર્યસ્થળ પર માનસિક કે શારીરિક રીતે કોઈ પણ પ્રકારની અયોગ્ય ચેષ્ટા કે જાતીય સતામણી થઈ રહી હોય, તો ચૂપ રહીને ગુનેગારના મનોબળને વધારશો નહીં. લેપટોપ કે મોબાઈલમાં, SHe-Box પોર્ટલ (https://shebox.wcd.gov.in/)નો ઉપયોગ કરી ગરિમાપૂર્ણ જીવન જીવવાના તમારા બંધારણીય અધિકારને સુરક્ષિત કરો, કારણ કે જ્યારે મહિલાઓ અન્યાય સામે અવાજ ઉઠાવશે, ત્યારે જ સમાજ અને કાર્યસ્થળમાં સાચો બદલાવ આવશે.

